વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૯/૧૧/૨૦૧૦ ને શુક્રવાર ના રોજ સવાર ના ૧૧.૦૦ કલાકે મળેલ ૨૦૯ મી બેઠકની કાર્યવાહી નોંધ :

બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

(૧) અધ્યક્ષશ્રી, : અધ્યક્ષશ્રી
શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા.

(૨) અધિક સચિવશ્રી, : સભ્યશ્રી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી, : સભ્યશ્રી
વડોદરા મહાનગર સેવાસદન
વડોદરા.

(૪) મુખ્ય નગર નિયોજકશ્રી : સભ્યશ્રી
ગુજરાત રાજય
ગાંધીનગર

(૫) સીટી એન્જીયરશ્રી, : સભ્યશ્રી
વડોદરા મહાનગર સેવાસદન
વડોદરા

(૬) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, : સભ્ય-સચિવશ્રી
શહેરી વિકાસ સત્તામંડળ,
વડોદરા.

બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

મુધ્દા નંબર (૧) : સત્તામંડળની તા. ૦૯/૦૭/૨૦૧૦ ની ૨૦૮ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

સત્તામંડળની તા. ૦૯/૦૭/૨૦૧૦ ની ૨૦૮ મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં.યુડીએ/મિટિંગ/૧૩૫૮/૨૦૧૦ તા.૧૮/૦૭/૨૦૧૦ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે સત્તામંડળની બહાલી માટે રજુ કરેલ છે. , જે અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૦૩૦):</u> સત્તામંડળની તા.૦૯/૦૭/૨૦૧૦ ની ૨૦૮ મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૨) : સત્તામંડળની તા ૧૧/૦૬/૨૦૧૦ ની ૨૦૭ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/૦૬/૨૦૧૦ ની ૨૦૭ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૦૩૧):** સત્તામંડળની તા.૧૬/૦૬/૨૦૧૦ ની ૨૦૭ મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર.(૩) : સત્તામંડળના માહે એપ્રીલ -૨૦૧૦ થી મે-૨૦૧૦ ના હિસાબોને બહાલી આપવા બાબત.**

**સત્તામંડળના માહે એપ્રીલ -૨૦૧૦ થી મે-૨૦૧૦ ના આવક તથા જાવકના હિસાબો સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું**

**ઠરાવ ક્રમાંક (૨૦૩૨): સત્તામંડળના માહે એપ્રીલ -૨૦૧૦ થી મે-૨૦૧૦ ના આવક તથા જાવકના હિસાબો ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.**

મુદ્દા નંબર (૪) : મોજે અટલાદરા તા. જી.વડોદરા ના સ.નં. ૧૨/૧, ૪૪, ૪૫ વાળી જમીનો અંગે આર.ટી.એસ. પરત્વે ના કલેકટરશ્રી ના હુકમ સામે અપીલ કરવા બાબત

તા.૨૫/૦૧/૮૪ થી તા.૨૫/૧૧/૯૬ સુધીની અમલી વિકાસ યોજનામાં મોંજે.અટલાદરા સ.નં.૧૨+૧૩/૧,૪૩,૪૪,૪૫,૪૬ પૈ.૪૯,૫૦ વાળી જમીનો સંપાદન કરવા અંગેનો વળતર કેસ નંબર ૧૦/૯૨ નો અંવોર્ડ તા.૨૮/૧૨/૯૪ ના રોજ જાહેર કરવામાં આવેલ હતો અને એવોર્ડ ની રકમ રૂા.૪૩,૪૫,૮૪૨/- નુ ચુકવણુ કરવામા આવેલ હતુ.સદર સનં પૈકી સનં ૧૨/૧,૪૪,૪૫ ના ખેડુત ખાતેદારોએ કોઈ પણ જાતના વાંધા સિવાય વળતર ની રકમ સ્વીકારી તા.૧૬/૦૧/૯૫ ના રોજ વુડાને જમીનો નો કબજો સુપ્રત કરેલ હતો અને ત્યારથી આ જમીનોનો કબજો વુડા પાસે જ છે.ગામ દફતરે ૭/૧૨માં તા.૧૨/૧૦/૯૯ થી વુડાનું નામ દાખલ થયેલ છે.

ત્યાર બાદ જમીન ધારક શ્રી ગોરધન જે.પટેલ અને બીજાઓએ એવોર્ડથી નારાજ થઈ ના.હાઈકોર્ટમાં દાખલ કરેલ અને ના. હાઈકોર્ટે સ્પે.સીએ.નં ૮૧૪/૯૫ ના હુકમથી વળતર કેસ.નં ૧૦/૯૧ તા.૨૮/૧૨/૯૪ નો એવોર્ડ સમય મર્યાદામાં થયેલ ન હોવાના મુદ્દા પર ટેકનીકલ કારણોસર રદ થયેલ હતો. સવાલ વાળી જમીનો ની વુડાને જરૂરીયાત હોઈ અત્રેના તા.૦૪/૧૦/૯૫ ના પત્રાથી સદર જમીનો સંપાદન કરવા પુન: દરખાસ્ત કરવામા આવેલ હતી.

મહેસુલ વિભાગના તા.૦૫/૦૨/૯૬ ના પત્ર થી વુડાને જરૂરીયાત હોય તો સદર કેસમાં કલમ(૪)નુ જાહેરનામુ બહાર પાડવા હરકત સરખુ નથી તેમ જણાવતા સદર કેસમાં કલમ (૪)તથા કલમ (૬) ના જાહેરનામા પસિધ્ધ થયેલ હતા તેમજ ઉપરોકત દર્શાવેલ જમીનો પૈકી સર્વે.નં.૧૨/૧,૪૪, તથા ૪૫ ના કબજા વુડા પાસે હોવાથી તેટલા જ સર્વે નંબરો પુરતો નવો કેસ જમીન સંપાદન કાયદા નીચે સંપાદન કરવા મહેસુલ વિભાગના તા.૧૭/૧૨/૯૯ ના પત્ર ક્રમાંક જસં-વડોદરા-૨૦૯૯-૭૩-એવોર્ડ થી મંજુરી આપેલ છે તેવી જાણ ખાસ જમીન સંપાદન અધિકારી ને કરતા સવાલ વાળી જમીનો નો એવોર્ડ વળતર કેસ નં ૪૬/૯૬ તારીખ ૨૪/૦૯/૯૯ ના રોજ જાહેર કરવામા આવેલ હતો.તેમજ વળતરની કુલ રકમ રૂા.૧૭,૮૩,૧૮૭ માંથી અગાઉના ૧૦/૯૧ નાં એવોર્ડ સમયે ચુકવેલ વળતર ની રકમ રૂા.૧૩,૮૮,૬૭૧ બાદ કરી બાકી ની રકમ રૂા.૩,૯૪,૫૧૬ નુ ચુકવણું તા.૨૪/૦૯/૯૯ ના રોજ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીને કરવામાં આવેલ છે.

ઉપરોકત એવોર્ડ સામે સર્વે નં.૧૨/૧ ના જમીન ધારકે નામદાર હાઈકોર્ટમાં સ્પે.સીવીલ એપ્લીકેશન નં.૯૪૪૮/૯૯ દાખલ કરેલ. જે પીટીશન એવોર્ડ સમય મર્યાદામાં થવાના કારણે નામદાર હાઈકોર્ટના તા.૧૦/૦૪/૨૦૦૦ ના હુકમ થી કાઢી નાખવામા આવેલ અને વુડાની તરફેણમાં ચુકાદો આવેલ છે.

દરમ્યાનમાં નાયબ સચિવશ્રી મહેસુલ વિભાગના ૧૬/૮/૨૦૦૨ ના પત્રાથી કલેકટરશ્રી ને જણાવેલ છે કે જમીન સંપાદન કાયદાની કલમ-૪૮ ની જોગવાઈઓ મુજબ કલમ-૧૬ અને ૧૭ હેઠળ જમીનનો કબજો કાયદા અનુસાર લેવામાં આવેલ ન હોય તો જમીનો મુકત કરી શકાય છે તેમ જણાવી આ કેસમા વળતર કેસ નં.૪૬/૯૬ માં તા.૨૪/૦૯/૯૯ ના એવોર્ડ નાં સંદર્ભ માં કોઈ કાયદેસર નો કબજો લેવાયેલ ન હોય જમીન મુકત કરવા સૈધાંતીક નિર્ણય લીધેલ છે.તે અન્વયે ખાસ જમીન સંપાદન અધિકારી એ તા.૧૬/૦૮/૨૦૦૦ ના પત્રાથી સ.નં.૧૨/૧ ના અરજદારે લીધેલ વળતર ની વ્યાજ સહિત ની રકમ રૂા.૧૯,૧૨,૪૯૯ સરકારશ્રી માં પરત જમા કરાવેલ હોઈ વુડા ને સદર રકમ પરત મેળવી લેવા જણાવેલ છે. જે રકમ વુડાએ સ્વીકારેલ નથી.

સત્તામંડળની તા.૨૧/૦૨/૨૦૦૩ ની ૧૭૯ મી બેઠક ના ઠરાવ ક્રમાંક (૧૬૪૬) થી મોજે અટલાદરા સ.નં.૧૨/૧ વાળી જમીન સંપાદનમાંથી મુકત નહી કરવા અંગે અત્રેના પત્રનં. યુડીએ/એડીએમ / વશી/૨૮/૦૩ તા.૦૬/૦૧/૨૦૦૩ થી સરકારશ્રીમાં રજુઆત કરવામાં આવેલ છે. આ અંગે સરકારશ્રીમાંથી નિર્ણય થઈ આવે તે મુજબ કાર્યવાહી કરવા ઠરાવવામાં આવેલ છે.સદર ઠરાવ અન્વયે અત્રે ના પત્ર નં.યુડીએ/એડીએમ/૧૮૦૭/૨૦૦૩ તા.૨૦/૦૫/૨૦૦૩ થી સવાલ વાળી જમીન બાબતે સરકારશ્રી માંથી નિર્ણય થઈ આવે તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે તેમ કલેકટરશ્રી, વડોદરા ને જણાવ્યુ તેમજ સવાલવાળી જમીનો સંપાદન માથી મુકત નહી કરવા મહેસુલ વિભાગમાં તા.૦૪/૦૪/૨૦૦૩ તથા ૨૦/૦૧/૨૦૦૫ ના પત્રથી જણાવવામાં આવેલ છે તેમજ સદર જમીન સંપાદન માંથી મુકત કરવા પાત્ર નથી તેમ અત્રેના પત્ર નં.યુડીએ /જમીન/૧૦/૨૦૦૬ તા.૦૫/૦૧/૨૦૦૬ થી નાયબ સચિવશ્રી ની રૂબરૂ મુલાકાત લઈ લેખીત માં જાણ કરેલ.

ત્યાર બાદ મહેસુલ વિભાગના પત્ર ક્રમાંક જવડ/૨૦૦૧/એમ આર/૧૮/ધ તા.૧૯/૦૧/૨૦૦૬ થી સ.નં.૧૨/૧ સીવાય ના સ.નં.૪૪,૪૫ ની જમીનો ની વુડા ને જરૂર છે કે કેમ તે દિન બે માં જાણ કરવા પત્ર મળતા આ અંગે ઉપરોકત વિગતો ધ્યાને લઈ અત્રેના પત્ર નંબર યુડીએ/એડીએમ/૩૦/૦૬ તા.૨૩/૦૧/૦૬ થી સવાલ વાળી જમીનો વળતર ચુકવીને સંપાદન કરવામાં આવેલ છે તેમજ જમીન સંપાદન માટે વુડાએ કરવાની કામગીરી નિયમ મુજબ જ કરેલ હોઈ અને આ જમીનો સંપાદન કરવાનો હેતુ વિકાસ યોજના માટે નો છે તેમજ સવાલવાળી જમીનો લેન્ડ ડેવલપમેન્ટ સ્કીમના કામે જરૂરીયાત હોઈ સંપાદન માંથી મુકત નહી કરવા અંગે મહેસુલ વિભાગ ને જાણ કરવામાં આવેલ તેમજ વધુમાં જણાવેલ કે જમીન મુકત કરવાની બાબત નીતી વિષયક હોઈ બોર્ડ ની તા.૨૭/૦૧/૨૦૦૬ ની મીટીગમાં વિચારણા માટે મુકી ને બોર્ડના નિર્ણયની જાણ મહેસુલ વિભાગને કરવામાં આવશે

ઉપરોકત બાબતે વુડા બોર્ડમાં સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા થતા અત્રેથી એ રીતની વિગત રજુ કરવામા આવી કે વુડા ધ્વારા આ વિસ્તારમાં વિકાસ ના હેતુ થી વડોદરા મ્યુનીસીપલ કોર્પોરેશનના સહયોગથી કુલ ૫૧,૦૦,૦૦૦ ના ખર્ચે પાણી તથા ભુગર્ભ ગટર યોજનાની કામગીરી કરાવેલ છે તેમજ આ જમીનો ની બાજુ માં શહેરી ગરીબ આવાસ યોજના હેઠળ નબળા વર્ગના ઈસમો માટે ની યોજનાઓ પુર્ણ કરવામા આવેલ છે તેમજ હવે વુડા ધ્વારા આ જમીનો ના વિકાસ નુ આયોજન પણ હાથ ધરાયેલ છે.આ જમીનો ની વુડાને તેના આયોજનો માટે ખાસ જરૂરીયાત છે.વધુમાં સદર જમીનોનો કબજો પણ વુડા હસ્તક છે અને રેવન્યુ રેકોર્ડમાં પણ વુડાનુ નામ ચાલે છે તથા વુડા ધ્વારા આ જમીનોમાં નજીક ના ભવિષ્યમાં કાર્યવિન્ત કરવાના પ્રોજેકટો ધ્યાને લઈ આ જમીનો કોઈ પણ સંજોગોમાં સંપાદનમાંથી મુકત કરી શકાય નહી તેવુ સ્પષ્ટ મંતવ્ય રજુ થતા સત્તામંડળની તા.૩૧/૦૧/૦૬ ની ૧૯૧ ની બેઠકના ઠરાવ ક્રમાંક (૧૮૧૦)થી વુડાની લેન્ડ ડેવલોપમેન્ટ સ્કીમ માટે સંપાદન કરેલ સંર્વે નં. ૧૨/૧/૪૪ તથા ૪૫ વાળી જમીનો ઉપરોકત હકીકત ધ્યાને લઈ સંપાદન માંથી મુકત નહી કરવા માટે સરકારશ્રી માં રજુઆત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ. તે અન્વયે અત્રેના પત્ર નં.યુડીએ/એડીએમ/૪૨/૨૦૦૬ તા.૦૩/૦૨/૦૬થી સરકારશ્રી ના મહેસુલ વિભાગમા સવાલવાળી જમીનો સંપાદનમાંથી મુકત કરવા પાત્ર થતી નથી તે જણાવેલ છે.તેમ છતા ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીના તા.૨૬/૦૭/૫/૨૦૦૬ ના પત્ર નં. એલ. એ. કયુ/ વંશી/ ૨૨૭/ ૨૦૦૬ થી મોજે અટલાદરા સ.નં.૪૪,૪૫ વાળી જમીનો સંપાદનમાંથી મુકત કરવા માટે સરકારશ્રી એ તા.૦૮/૦૫/૨૦૦૬ ના હુકમ નં.જવડ/૨૦૦૧/એમ.આર-૧૮-ધ થી સૈધાતિક નિર્ણય લીધેલ હોઈ સરકારશ્રી ના સદર પત્રમાં જણાવ્યા અનુસાર અરજદારે તા.૧૬/૦૧/૯૫ ના રોજ લીધેલ વળતરની રકમ રૂા.૪,૦૨,૮૫૭ તથા તા.૧૬/૦૬/૨૦૦૬ સુધીના ૧૨ % લેખે વ્યાજ ની રકમ રૂા.૫,૫૧,૯૦૦/- મળી કુલ રકમ રૂા.૯,૫૪,૪૪૭/- તીજોરીમાં જમાં કરાવેલ હોઈ સદર રકમ મેળવી લેવા જણાવેલ છે. ત્યાર બાદ ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીના તા.૮/૮/૨૦૦૬ થી મામલતદારશ્રી ને ઉદ્દેશીને લખેલ પત્ર જેની નકલ અત્રે મોકલાવી સદર જમીનનો કબજો તાત્કાલીક મૂળ જમીન માલીકને સુપ્રત કરવા જણાવેલ છે. તેમજ મામલતદારશ્રીને સવાલવાળી જમીનનો કબજો તેના મૂળ માલિકને સુપ્રત કરી ગામ દફતરે તે અંગેની નોંધ કરવા જણાવતા સદર બાબત નિતિ વિષયક હોય બોર્ડનો નિર્ણય થતા સુધી ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીને સદર કાર્યવાહી સ્થગિત કરવા અત્રેના પત્ર નં. યુડીએ/એડીએમ/૯૬૪/૦૬ તા.૧૭/૮/૦૬ થી જણાવેલ છે.

સદર બાબતે સત્તામંડળની તા.૧૫/૦૯/૦૬ ની ૧૯૫ મી બેઠકમાં ચર્ચા વિચારણા થતા બોર્ડના સભ્યશ્રીઓએ જણાવ્યું કે આ બાબતમા કોઈ ટેકનીકલ ભૂલ જમીન સંપાદન બાબતે મહેસૂલી અધિકારી ધ્વારા થઈ હોય તો ભૂલ સુધારવાની કાર્યવાહી કરવી જોઈએ.અને વુડા માટે સંપાદન કરેલ જમીન વુડા પાસે રાખવા માટે સરકાર કક્ષાએ રજૂઆત કરી મહેસુલ વિભાગ સાથે પરામર્શ કરી સંપાદન કરેલ જમીન વુડા હસ્તક રહે તે માટે સરકાર કક્ષાએ કાર્યવાહી કરવા દરખાસ્ત કરવી જોઈએ તેમ નકકી કરી સદર જમીનો સંપાદનમાંથી મુકત નહી કરવા તેમજ વુડાએ સંપાદન કરેલ સદર જમીનો પરત્વે વુડાએ કરેલ ખર્ચ ધ્યાને લઈ ઉપરાંત વુડા કક્ષાએ કોઈ ભૂલ થયેલ ન હોવાથી આ જમીનો વુડા પાસે રહે તે માટે સરકારમાંથી યોગ્ય હુકમો મેળવી લેવા સરકારશ્રી માં દરખાસ્ત કરવા ઠરાવવામાં આવેલ.તે અન્વયે અત્રેના પત્ર નં.યુડીએ/એડીએમ/૧૨૪૯/૨૦૦૬ તા.૧૫/૦૯/૨૦૦૬ થી સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગમાં આ જમીનો વુડા પાસે રહે તે માટે સરકારશ્રીમાંથી યોગ્ય હુકમો મેળવી આપવા દરખાસ્ત કરેલ છે.

અત્રેના પત્ર નં. યુડીએ/એડીએમ/૧૨૫૯/૨૦૦૬ તા.૨૭/૦૯/૨૦૦૬થી તલાટીશ્રી અટલાદરાને ગામદફતરે તા.૦૭/૦૯/૨૦૦૬ ના રોજ નોંધ નં.૨૯૭૬ થી પાડવામાં આવેલ ફેરફાર નોંધ સામે વાંધો રજુ કરી સરકારશ્રીમાંથી કોઈ નિર્ણય ન થાય ત્યા સુધી નોંધ પાડવી કે મંજુર કરવી નહી તેમ જણાવેલ છે.

ઉપરોકત વિગતે ગામદફતરે પડેલ ફેરફાર નોધ નં. ૨૯૭૬ તા: ૭/૯/૦૬ , મામલતદારશ્રી વડોદરા શહેરની કોર્ટમાં આરટીએસ કેસ નં. ૪૦/૨૦૦૬ તા: ૧૭/૦૨/૨૦૦૭ ના રોજ ઠરાવ કરી અત્રેની કચેરી તરફથી લેવામાં આવેલ વાંધા અરજ ગ્રાહય રાખેલ નથી. ( તા: ૧૭/૦૨/૨૦૦૭ ના ઠરાવની નકલ સામેલ છે).નોંધ મંજુર કરેલ છે. વુડાને મામલતદારશ્રી શહેર વડોદરાએ તા: ૧૭ /૦૨ /૨૦૦૭ ના રોજ કરેલ ઠરાવ માન્ય ન હોઈ નાયબ કલેકટર અને પ્રાંત વડોદરાની કચેરીમાં તા:૨૧ / 03/ ૨૦૦૭ ના રોજ અપીલ દાખલ કરવામાં આવેલ છે. તેમજ આ અંગે વુડાના એડવોકેટશ્રીનું કાયદાકીય માર્ગદર્શન પણ મંગાવેલ છે. તેમજ અત્રેના પત્ર નં.યુડીએ/એડીએમ/૭૨/૦૭ તા: ૨૩/03/૦૭ થી શહેરી વિકાસ વિભાગમાં પણ જરૂરી હુકમો મેળવી આપવા માટે દરખાસ્ત કરેલ છે. નાયબ કલેકટરશ્રીના તા. ૨૩/૧૦/૨૦૦૮ ના હુકમ થી વુડા ની અરજ નામંજુર કરવામાં આવેલ છે અને આ કામે મામલતદારશ્રી વડોદરા એ આરટીએસકે/૪૦/૪૬ ના કામે તા. ૧૭/૦૨/૨૦૦૭ ના રોજ નોંધ નંબર ૨૯૭૬ મંજુર કરવા કરેલ હુકમ કાયમ રાખવા ઠરાવેલ છે. વુડા ને નાયબ કલેકટરશ્રી નો ઉકત ઠરાવ માન્ય ન હોઇ વુડા ધ્વારા કલેકટરશ્રી ની કોર્ટમાં તા. ૨/૧/૨૦૦૯ ના રોજ અપીલ દાખલ કરવામાં આવેલ જે કલેકટરશ્રી ના તા. ૯/૯/૨૦૧૦ ના મંજુર કરી નાયબ કલેકટરશ્રી

વડોદરા ના હુકમ નં આરટીએસ/અપીલ/૨૧/૨૦૦૭ તા. ૨૩/૧૦/૨૦૦૮ કાયમ કરવા હુકમ કરેલ છે.

ઉપરોકત બાબતો બોર્ડ સમક્ષ રજુ કરાતાં ચર્ચાવિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

<u>ઠરાવ ક્રમાંક (૨033) :</u> મોજે અટલાદરા તા. જી.વડોદરા ના સ.નં. ૧૨/૧, ૪૪, ૪૫ વાળી જમીનો અંગેઆર.ટી.એસ.

પરત્વે ના કલેકટરશ્રી ના તા. ૯/૯/૨૦૧૦ ના હુકમ સામે સચિવશ્રી, મહેસુલ વિભાગમાં અપીલ કરવા અને અત્રે થી

શહેરી વિકાસ વિભાગમાં સવાલવાળી જમીનો વુડા પાસે રહે તે માટે કરેલ દરખાસ્ત અન્વયે ફરીથી દરખાસ્ત કરવા

સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ અને આ અંગે ની આગળ ની તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી

ને સુપ્રત કરવામાં આવી.

મુધ્દા નંબર (૫) : વુડા વિસ્તારમાં નવીન નગર રચના યોજનાઓ તૈયાર કરવા માટે જમીનોની સર્વે માપણી ખાનગી એજન્સી મારફત કરવા બાબત.

વુડા વિસ્તારમાં વુડાની વિકાસ યોજનામાં દર્શાવેલ સુચિત રીંગરોડની આજુ-બાજુની જમીનોમાં પ્રાયોરીટીના ધોરણે નગર રચના યોજના બનાવવા માટે નિર્દિષ્ટ વિસ્તારોની માપણી ખાનગી એજન્સી મારફત કરાવી ડી.આઈ.એલ.આરશ્રી પાસે પ્રમાણિત કરાવવાની પ્રક્રિયાથી કામગીરી કરાવવા માટે માહિતી ખાતા મારફત જાહેર નિવિદાની બે દૈનિક વર્તમાન પત્રોમાં બહોળી પ્રસિધ્ધિ કરી ટેન્ડરો મંગાવેલ હતા જે અન્વયે સમય મર્યાદામાં કુલ-૮(આઠ) ટેન્ડર ગયેલ હતા જે પૈકી ૭(સાત) ટેન્ડર ભરીને પરત મળેલ હતા. જે પૈકી ટેકનીકલ બીડમાં એક ટેન્ડર નીકળી જતા કુલ-૬(છ) ટેન્ડર ના ભાવપત્રકો ખોલવામાં આવેલ હતા. જેમાં સૌથી ઓછા ભાવ ઓમ સર્વે કન્સલટન્સી, વડોદરાના મળેલ છે. જેમાં અવિકસિત વિસ્તારની માપણીના પ્રતિ હેકટર રૂ.૭૫૦ તથા વિકસિત વિસ્તારની માપણીના પ્રતિહેકટર રૂ.૯૫૦/- ના ભાવો ખુલેલ છે. ઓછા ભાવ વાળી એજન્સીને રૂબરૂ બોલાવી કામગીરીની પુરેપુરી સમજ આપવામાં આવેલ છે તથા ત્યાર બાદ તેઓ દ્ધારા ભરેલ ભાવે કામગીરી કરી આપવા સંમતી આપવામાં આવેલ છે. જે પરત્વે ઓમ સર્વે કન્સલ્ટન્સીને સુચિત ટી.પી.સ્કીમોની માપણી માટે વર્ક ઓડર આપવા નક્કી થયેલ છે. ઉકત સમગ્ર કાર્યવાહી વુડા બોર્ડ સમક્ષ ચર્ચા-વિચારણા તથા બહાલી અર્થે રજુ થતા ટુક સમયમાં વુડાની વિકાસ યોજનાઓ તૈયાર કરવાની થતી હોય તથા વિશ્વામિત્રીની બન્ને બાજુની જમીનોનુ પણ સર્વે કરવાનુ થતુ હોઈ સર્વે માપણીની કામગીરીનો વ્યાપ વધુ પ્રમાણમાં રહેશે. આથી કોઈ એક જ એજન્સી પર આધારીત ન રહેતા સૌથી ઓછા આવેલ ભાવે ટેન્ડર ભરનાર અન્ય લોએસ્ટ એજન્સીઓ કામ કરવા તૈયાર હોય તો તે પ્રમાણે ત્રણ એજન્સીની પેનલ બનાવી સર્વે માપણીની કામગીરી સોપવામાં આવે તો કામગીરી સહેલાયથી પૂર્ણ કરી શકાય. તેમ સર્વ સભ્ય શ્રીઓનુ મંતવ્ય થતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૦૩૪) : વુડા વિસ્તારમાં નવીન નગર રચના યોજનાઓ તૈયાર કરવા માટે જમીનોની સર્વે માપણીની કામગીરી માટે મંગાવેલ ભાવોમાં આવેલ સૌથી ઓછા ભાવે લોએસ્ટે ત્રણ એજન્સીઓ ની પેનલ બનાવી તેઓને કામગરી સોપવા અંગે સઘળી કામગીર કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવ્યુ

અધ્યક્ષ સ્થાનેથી :

મુદ્દા નંબર (૧) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ડેવલોપ કરવામાં આવેલ ટી.પી. સ્કીમોમાં ડ્રેનેજ લાઈનનુ જોડાણ આપવા બાબત.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનીયમ ૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળની જોગવાઈઓનુસાર વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે ભવિષ્યમાં વિકાસ સુઆયોજીત થાય તે માટે, વડોદરા મહાનગર સેવાસદનની હદને અડીને આવેલ મંજુર થયેલ મુસધ્દારૂપ નગર રચના યોજનાઓ જેવી કે વેમાલી, ભાયલી, બીલ, સેવાસી તથા મંજુર થનાર અન્ય ટી.પી. સ્કીમોના તબકકાવાર અમલીકરણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં ટી.પી. સ્કીમના રસ્તાઓ પાકા ડામરના બનાવવાનુ આયોજન કરેલ છે. તે પૈકી હાલ વેમાલી ટી.પી. સ્કીમ – ૧ માં કાર્પેટ રોડની કામગીરી પૂર્ણ થવા પર છે. જયારે બીલ ટી.પી. સ્કીમ નં. ૧ તથા ભાયલી ખાતેની ટી.પી. સ્કીમ નં. ૧ માં રોડની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. ટી.પી. સ્કીમોના અમલીકરણથી શહેરનો વિકાસ ખુબ ઝડપથી વધશે, જેનો સમગ્ર વ્યવહાર વડોદરા શહેર સાથેજ રહેશે તથા આ વિસ્તારોનો ભવિષ્યમાં વડોદરા મહાનગર સેવાસદનમાં સમાવેશ થવાનો છે. જે બાબતને ધ્યાને લેતા જો વડોદરા મહાનગર સેવાસદન વરસાદી પાણી, પાણીની લાઈન તથા ડ્રેનેજનુ જોડાણ તેઓના છેલ્લા ચેમ્બરમાં આપી તેનુ મેન્ટેનન્સ કરવાની તૈયારી દર્શાવે તો વુડા ધ્વારા પોતાના ખર્ચે આ પ્રકારની ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસીલીટી કરી શકે ભુતકાળમાં વુડાની હદમાં આવેલ છાણી, સમા તથા અન્ય વિસ્તારોનો સમાવેશ વડોદરા મહાનગર સેવાસદનમાં થતા પુરતી ઈન્ફ્રાસ્ટ્રકચરની ફેસીલીટી ન હોવાના કારણે વડોદરા મહાનગર સેવાસદનને ખુબજ મુશ્કેલીઓ અનુભવવી પડેલ હતી. વુડા ધ્વારા હાલમાં ડેવલોપ કરવામાં આવનાર તમામ ટી.પી. સ્કીમોના વિસ્તારનો વિકાસ જોતા ખુબજ ટુંકા ગાળામાં તેનો સમાવેશ મહાનગર સેવાસદન વિસ્તારમાં થાય તેમ છે. ખાસ સંજોગોમાં નવા વિસ્તારો બધાજ પ્રકારની ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધા સાથે કોર્પોરેશનને મળે તો વડોદરા મહાનગર સેવાસદનને આર્થીક રીતે તથા વહીવટી રીતે ખૂબજ સરળતા રહેશે. આ સમગ્ર બાતોને ધ્યાને લેતા, આ બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ રજુ કરાતા નીચે મુજબ ચર્ચા વિચારણા કરવામાં આવી.

ચર્ચા વિચારણા : વડોદરા શહેર તથા તેની આસપાસના વુડાના વિસ્તારોનો વિકાસ ખૂબજ ઝડપથી થઈ રહેલ છે. વુડા ધ્વારા પણ શહેરને અડીને આવેલ નગર રચના યોજનાઓની મંજુર થયેલ સ્કીમો જેવી કે વેમાલી, બીલ, ભાયલી, સેવાસી વિગેરેનુ તબકકાવાર અમલીકરણ કરેલ હોવાથી તેનો વિકાસ ખૂબજ ઝડપથી થાય તેમ છે તથા તેનો સમાવેશ પણ નજીકના ભવિષ્યમાં વડોદરા મહાનગર સેવાસદનમાં થાય તેમ હોવાથી સીટી.એન્જીનીયરશ્રી, વડોદરા મહાનગર સેવાસદનના અભિપ્રાય મુજબ ડ્રેનેજ લાઈનનુ જોડાણ જે તે ટી.પી. સ્કીમોની નજીકના ચેમ્બરમાં આપી શકાય, તેને માટે વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા રોકવામાં આવેલ કન્સલટન્ટો પાસે સર્વેની કામગીરી કરાવી કોર્પોરેશનને અનુરૂપ ડ્રેનેજની લાઈનની ડીઝાઈન બનાવી વધુ હીતાવહ છે. જેમાં ચર્ચા વિચાણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૦૩૫) : વુડાના વિકસીત વિસ્તારોમાં થઈ રહેલ ઝડપી વિકાસના અનુસંધાને આ વિસ્તારોમાં ડ્રેનેજ તથા પાણીના જોડાણો તથા સ્ટ્રોમ વોટરની માંગ ખૂબજ ઝડપથી વધી રહેલ છે તથા ભવિષ્યમાં આ વિસ્તારોનો સમાવેલ વડોદરા મહાનગર સેવાસદનમાં થાય ત્યારે તેમાં જો આ પ્રકારનુ ઈન્ફ્રાસ્ટ્રકચર વુડા ધ્વારા પહેલેથી તૈયાર કરાવેલ હોય તો કોર્પોરેશનને તૈયાર ઈન્ફ્રાસ્ટ્રકચર મળી રહે તે હેતુથી વુડા ધ્વારા પ્રથમ તબકકે ડ્રેનેજ અંગેનુ ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરે તેનુ જોડાણ કોર્પોરેશનના નજીકના ચેમ્બરમાં લેવા માટે વડોદરા મહાનગર સેવાસદન ને વિનંતી કરવા ઠરાવવામાં આવ્યુ તથા કોર્પોરેશન વિસ્તારમાં ડ્રેનેજના કામો અંગે જે કન્સલટન્ટોને કામગીરી સોંપેલ છે. તેઓ પાસે કોર્પોરેશનને અનુરૂપ ડીઝાઈન તૈયાર કરાવી, કોર્પોરેશન પાસે ડીઝાઈન મંજુર કરાવી જો વુડા ધ્વારા પોતાના ખર્ચે કામગીરી કરાવવામાં આવે તો વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા ડ્રેનેજ જોડાણ આપવામાં સુલભતા પડે જેથી વડોદરા મહાનગર સેવાસદનને હાલના વિકસીત વિસ્તારોની યાદી આપી તેમા ડ્રેનેજ લાઈન નાખવા અંગેનો સર્વે તથા ડીઝાઈન તેઓના કન્સલટન્ટો પાસે કરાવવા તથા કન્સલટન્ટ ધ્વારા થનાર કામગીરીનુ ચુકવણુ વુડા ધ્વારા કરાવવા ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુ.કા.અ.શ્રી, વુડા વડોદરાને સુપ્રત કરવામાં આવી.

અધ્યક્ષ સ્થાનેથી :

મુદ્દા નંબર (૨) : વડોદરા શહેરના રસ્તાઓ ઉપર રખડતા પશુઓ માટે શહેરની બહાર ખટંબા ખાતે બનાવવામાં આવેલ કેટેલ સેડનો ઉપયોગ કરવા બાબત.

વડોદરા શહેરમાં રસ્તા ઉપર રખડતા પશુઓને શહેરની બહાર કેટલ સેડ બનાવી સ્થાઈ કરવા અંગેની સરકારશ્રીની સુચન અંતર્ગત કલેક્ટરશ્રી તથા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી વડોદરા ધ્વારા કરેલ સુચના અન્વયે વુડા વિસ્તારમાં આવેલ ખટંબા પાસે કલેક્ટરશ્રીની ગોચરની જમીન ઉપર, વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૨૦૨ તા.૩૦/૧૨/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક ૧૯૪૪ માં નકકી થયા મુજબ કેટલ સેડના બે યુનીટોની કામગીરી વુડા ધ્વારા કરવામાં આવેલ છે. જેમાં એક યુનીટમાં ૨૫ ઢોરોને સમાવી શકે તેવા ચાર સેડ, પાણીના બે હવાડા, ગોડાઉન કમ કેર ટેકર રૂમ બનાવેલ છે. આમ કુલ બે યુનીટમાં ૨૦૦ ઢોરને સમાવી શકાય તે મુજબની પુરતી વ્યવસ્થા સાથે કેટલ સેડ બનાવેલ છે. આ ઉપરાંત તેની બાજુમાંજ આજ પ્રકારનુ ૧૦૦ ઢોરોને સમાવી શકાય તે મુજબનુ એક યુનીટ કલેક્ટરશ્રી, વડોદરાની સીધી સુચનાથી એન.જી.ઓ. સંસ્થ ધ્વારા તેઓના ખર્ચે બનાવેલ છે. આમ એકજ સ્થળે કુલ ૩૦૦ ઉપરાંત પશુઓને સમાવી શકાય તે મુજબની વ્યવસ્થ ઉભી થયેલ છે. વડોદરા શહેરમાં ઢોરોનો ખુબજ ત્રાસ છે. રોડ ઉપર રખડતા ઢોરોને કારણે પબ્લીક ને જવા આવવામાં ખૂબજ તકલીફ પડે છે તથા ખૂબજ ગંદકી થાય છે. આ પ્રકારના ઢોરોને જરૂરી વ્યવસ્થા ગોઠવી આ બાંધવામાં આવેલ કેટલ સેડોમાં સીફ્ટ કરવામાં આવે તો શહેરમાંથી રખડતા ઢોરોનો પ્રશ્ન આછો થાય તેમ છે તથા જે હેતુથી આ સેડો બનાવવામાં આવેલ છે તે હેતુ પણ પૂર્ણ થાય તેમ છે. તો આ અંગે વુડા તથા એન.જી.ઓ. સંસ્થ ધ્વારા બાંધવામાં કેટલ સેડો વડોદરા મહાનગર સેવાસદન પોતાના હસ્તક લઈ તેમાં જરૂરી વ્યવસ્થા ગોઠવી ઉપયોગ કરે તે બાબતની ભલામણ કરતો પત્ર પાઠવવા બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરતાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૦૩૬) : વડોદરા શહેરમાં રસ્તા ઉપર રખડતા ઢોરોની વિકટ સમસ્યાને ધ્યાને લેતા વુડા તથા એન.જી. ઓ સંસ્થા ધ્વારા પોતાના ખર્ચે અંદાજે ૩૦૦ ઢોર નો સમાવેશ કરીશકાય તે મુજબની સંપૂર્ણ સુવિધા સાથે બાંધવામાં આવેલ કેટલ સેડો વડોદરા મહાનગર સેવાસદન પોતાના હસ્તક લઈ તેમાં જરૂરી વ્યવસ્થા ગોઠવી તેનો ઉપયોગ કરે તે બાબતે જરૂરી દરખાસ્ત તૈયાર કરી કલેક્ટરશ્રીને મોકલવા તેઓને ભલામણ પત્ર પાઠવવો તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુ.કા.અ.શ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**અધ્યક્ષ સ્થાનેથી :**

મુધ્દા નંબર (૩) : ભાયલી ખાતે નગર રચના યોજનાના ટી.પી. રોડ બનાવવાના કામમાં થર્ડ પાર્ટી વેરીફીકેશન કરાવવા બાબત

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૪૧ (૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે શહેરથી દુર, વડોદરા મહાનગર સેવાસદનની હદને અડીને આવેલ મુસધ્દારૂપ નગર રચના યોજનાઓને સરકારશ્રી ધ્વારા મંજુરી આપવામાં આવેલ છે, તેવી નગર રચયના યોજનાઓનુ અમલીકરણ તબકકાવાર કરવાનુ વુડા બોર્ડ બેઠક નં. ૧૯૯ માં નકકી કરવામાં આવેલ. તે અન્વયે સૌ પ્રથમ વેમાલી ટી.પી. સ્કીમ – ૧ ના અમલીકરણ અર્થે ટી.પી. સ્કીમના રસ્તાઓ બનાવવા બાબતનો મુધ્દો વુડા બોર્ડ બેઠક ક્રમાંક ૨૦૨ ના મુધ્દા નં. ૫ ધ્વારા વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓ સમક્ષ રજુ થતા તે અન્વયે થયેલ ચર્ચા મુજબ રૂા.૧૦/- લાખ કે તેથી વધુની રકમના કરવાના થતા કામોનુ થર્ડ પાર્ટી વેરીફીકેશન કરાવવુ જરૂરી છે. તેથી તેમાં થયેલ ઠરાવ ક્રમાંક ૧૯૩૫ માં ઠરાવ્યા મુજબ થર્ડ પાર્ટી વેરીફીકેશનની કામગીરી વડોદરા મહાનગર સેવાસદનના જે કન્સલટન્ટશ્રી કરે છે તેઓની પાસે સદર કામીગીરી કરાવવાની વ્યવસ્થા ગોઠવવી. જે અન્વયે વડોદરા મહાનગર સેવાસદનના પત્ર નં.સીઈ.૯૪૪/તા.૧૨/૩/૦૯ મુજબ સી.ઈ.આઈ.એલ. સાથે વુડા ધ્વારા તા.૧૫/૬/૨૦૦૯ ના રોજ થર્ડ પાર્ટી વેરીફીકેશનની કામગીરી બાબતે એગ્રીમેન્ટ કરવામાં આવેલ છે. જે મુજબ સૌ પ્રથમ વેમાલી ટી.પી.સ્કીમ નં. – ૧ ના રસ્તાઓ બનાવવાની કામગરી અને ખટંબા ખાતે કેટલ સેડ બનાવવાની કામગીરીનુ અને ત્યારબાદ બીલ ટી.પી. સ્કીમ ૧ ના રસ્તાઓ બનાવવાની કામગીરીનુ થર્ડ પાર્ટી વેરીફીકેશન કરવાની કામગીરી સી.ઈ.આઈ.એલ.ને સોંપવામાં આવેલ છે.

વુડા બોર્ડ બેઠક ૨૦૭ ના ઠરાવ ક્રમાંક ૨૦૧૧ ધ્વારા ભાયલી ટી.પી. સ્કીમ નં – ૧ માં ટી.પી. રોડ બનાવવાની કામગીરી મંજુર થતા સદર કામની કામગીરી ઈજારદાર ધ્વારા ટુંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. જેથી સદર કામનુ થર્ડ પાર્ટી વેરીફીકેશન માટેની કામગીરી તથા આ પ્રકારના આવનાર કામો માટેના થર્ડ પાર્ટી વેરીફીકેશનની કામગીરી સી.ઈ.આઈ.એલ. ને સોંપવા બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરતાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૦૩૭ ) : ભાયલી ખાતે ટી.પી. સ્કીમ નં. - ૧ ના રસ્તાઓ તથા આ પ્રકારના આવનાર કામો માટે થર્ડ પાર્ટી વેરીફીકેશન જો સી.ઈ.આઈ.એલ. સંમતી આપે તો તેઓ પાસે તેઓએ કરેલ એગ્રીમેન્ટ મુજબ કામગીરી કરાવવી તેમ ઠરાવવામાં આવ્યુ તથા આ અંગે આગળ કરવાની થતી સધળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

અધ્યક્ષ સ્થાને થી :-

મુદ્દા નંબર (૪) :- પ્લાનીગ આસીસટન્ટ ની જગા કોન્ટ્રાકટ થી ભરવા બાબત.

સત્તામંડળમા પ્લાની આસી. ની કુલ ૭ જગાઓ મંજુર થયેલ છે, તે પૈકી હાલમાં કુલ ૪ જગાઓ ભરેલી છે અને ૩ જગા ખાલી છે. તેમજ ટેકનીકલ શાખા ના પ્લાનીગ આસી કક્ષાના બીજા કર્મચારી પણ ટુંક સમયમાં નિવૃત થનાર છે.

વધુમાં સત્તામંડળમા સહાયક નગર નિયોજક તરીકે ફરજ બજાવતા શ્રી જે.એમ.પટેલ તા.૩૦/૧૧/૨૦૧૦ ના રોજ વય નિવૃતિ ને કારણે નિવૃત થાય છે. જેઓ હાલમાં એન્જીનયરીગ વિભાગ ની પણ કામગીરી સંભાળે છે. આમ કર્મચારીઓ ઓછા થવાના કારણે ટેકનીકલ શાખા તથા એન્જીનયરીગ વિભાગ ની કામગીરી ને અસર થાય તેમ છે. નવી જગા ભરવા માટે સરકારશ્રી ની મંજુરી મેળવવામાં ઘણોજ સમય વ્યતિત થાય તેમ છે આ સંજોગોમાં જો બી.ઇ. સીવીલ થયેલ કર્મચારી ની જગા જો માધવ લેબર સપ્લાર્યસ મારફતે કોન્ટ્રાકટ થી ભરવામાં આવે તો ટેકનીકલ શાખા તથા એન્જીનયરીગ વિભાગ ની કામગીરી સરળતા થી ચાલી શકે તેમ છે. આ બાબત બોર્ડ સમક્ષ નિર્ણય માટે મુદ્દો રજુ થતા ચર્ચા વિચારણા ના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૦૩૮) : સત્તામંડળમા પ્લાનીગ આસી. ની જગા માધવ લેબર સપ્લાર્યસ મારફતે કોન્ટ્રાકટ થી રૂ. ૧૦૦૦૦/- ની મર્યાદામાં બી.ઇ. સીવીલ થયેલ કર્મચારી થી ભરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. અને આ અંગે ની આગળ ની તમામ કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવામાં આવી.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

સહી/-
સભ્ય - સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

સહી/-
અધ્યક્ષ
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા.